# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા “રાષ્ટ્રિય દુધ દિવસ” ની ઉજવણી કરાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા ૨૬ નવેમ્બર ૨૦૨૧ ના રોજ સોજીત્રા તાલુકાના ડાલી ગામ ખાતે “રાષ્ટ્રિય દુધ દિવસ” ની ઉજવણી કરવામાં આવી હતી , જેમાં ૪૦ જેટલા પશુપાલક ભાઈઓ હાજર રહ્યા હતા. ૨૬ નવેમ્બર ને રાષ્ટ્રિય દુધ દિવસ તરીકે ડૉ. વરગીસ કુરિયનની યાદમાં ઉજવવામાં આવે છે જે શ્વેતક્રાંતિના પ્રણેતા તરીકે ઓળખાય છે. આ દિવસ લોકોને દુધ અને તેની બનાવટોની અગત્યતા બાબતે જાગૃત કરવા માટે ઉજવવામાં આવે છે.

કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. એ.સી. વૈદ્ય એ રાષ્ટ્રીય દુધ દિવસ ઉજવવા પાછળનુ મહ્ત્વ સમજાવ્યુ હતુ. અમુલ ડેરીની સ્થાપનામાં શ્રી ત્રિભુવનદાસ પટેલ અને શ્રી કનૈયાલાલ મુનશી નો ફાળો અને ડેરી ટેકનોલોજીના મહારથી એવા ડૉ. વી. કુરીયન અને શ્રી એચ. એમ. દલાયાનો ફાળો અને સહકારની ભાવનાનું મહત્વ જણાવ્યુ. કેન્દ્ર ખાતેના ડૉ. શ્રીકાંત બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) એ દુધની અગત્યતા તેમજ પશુઓને બાંધવાની જગ્યાએ સાફ સફાઇ રાખવી, કથીરીનો ઉપદ્રવ અટકાવવાના પગલા , પશુઓને દરરોજ નવડાવવા, દુધના વાસણો સ્વચ્છ રાખવા, પશુઓને રસીકરણ સમયસર કરાવતા રહેવુ વગેરે બાબતો વિશે માહિતી આપી. આ ઉપરાંત તેમણે દુધની ઉત્પાદકતા કઇ રીતે વધારવી, તેની ગુણવત્તા કઇ રીતે જાળવી રાખવી તથા પશુપાલનમાં નવી ટેકનોલોજી વિશે પણ માહીતી આપી હતી. કેન્દ્રના પ્રોગ્રામ આસી. (ગૃહ વિજ્ઞાન) શ્રીમતી એન. જે. જાદવ દ્વારા ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહૂતી કરવામાં આવી હતી.

# કાર્યક્રમની ઝાંખીઓ






